| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GJJM010043072024 | सत्यमेव जयते | દાખલ તારીખ | : | ૩૦/૧૧/૨૦૨૪ | | |
| | | નોંધ્યા તારીખ | : | ૩૦/૧૧/૨૦૨૪ | | |
| | | ફેસલ તારીખ | : | ૦૨/૦૪/૨૦૨૬ | | |
| | | અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| 11202009242032 | | | | ૦૧ | ૦૪ | ૦૩ |

**નામદાર સુપ્રીમ કોર્ટનાં SUO MOTO WRIT (CRL) NO.(S)1/2017 તથા ક્રિમિનલ મેન્યુઅલ ચેપ્ટર-VIનાં 179A અન્વયેનાં નોટિફિકેશન નં. સી–૨૦૦૧–૯૩ તા. ૨૦/૦૫/૨૦૨૨નાં ઠરાવેલા પ્રફોર્મા મુજબ**

## ફોર્મ–એ

| |
|---|
| **જામનગરના અધિક સત્ર ન્યાયાધીશની અદાલત સમક્ષ,**<br>**જામનગર.**<br>**ચુકાદા તારીખ: ૦૨/૦૪/૨૦૨૬**<br>**G.L.G.P.કેસ નં. ૨૬/૨૦૨૪**<br>**આંક–૫૩**<br>(સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશન પાર્ટ–ગુ.ર.નં.૧૧૨૦૨૦૦૯૨૪૨૦૩૨/૨૦૨૪) |

| | |
|---|---|
| **ફરિયાદી** | **ધ સ્ટેટ ઓફ ગુજરાત** |
| ફરિયાદ પક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિદ્વાન એડિશનલ પબ્લિક પ્રોસીક્યુટર. | **શ્રી એમ.પી.જાની** |
| **આરોપી** | **૧.શાંતિલાલ વિરજીભાઇ પરમાર,**<br>ઉ.વ.૫૮, ધંધો–મજૂરી,<br>**૨.ધિરજલાલ વિરજીભાઇ પરમાર,**<br>ઉ.વ.૬૩, ધંધો–મજૂરી,<br>**૩.નંદુબેન વિરજીભાઇ પરમાર,**<br>ઉ.વ.૭૭, ધંધો–ઘરકામ<br>રહે.બધા ગુલાબનગર, પહેલો ઢાળીયો, તા.જિ.જામનગર |
| આરોપીઓ તર્ફે પ્રતિનિધિત્વ કરનાર વિદ્વાન વકીલ | **શ્રી આઇ.એચ.ગાગદાણી** |

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૩/૧૦/૨૦૨૩ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૨૪/૧૦/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૩૦/૧૧/૨૦૨૪ |
| તાહોમતનામું ઘડ્યાની તારીખ | ૧૨/૦૨/૨૦૨૫ |

| | |
|---|---|
| પુરાવાની શરૂઆત | ૦૩/૧૦/૨૦૨૫ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૨/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો | |

## આરોપીની વિગત

| નં. | આરોપીનું નામ | ધરપકડ તારીખ | જામીન ઉપર છૂટ્યા તારીખ | ગુનાનો આરોપી મૂક્યો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી? | ફો.કા.સં. કલમ– ૪૨૮ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | શાંતિલાલ વિરજીભાઇ પરમાર | ૨૭/૧૦/ ૨૦૨૪ | યુ.ટી.પી. | બી.એન.એસ કલમ–૩૫૨, ૩૫૧(૩), ૧૧૪ તથા ધી ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ– ૨૦૨૦ ની કલમ– ૪(૩), ૫(ગ) | નિર્દોષ | ના | |
| ૨ | ધિરજલાલ વિરજીભાઇ પરમાર | –"– | યુ.ટી.પી. | | | | |
| ૩ | નંદુબેન વિરજીભાઇ પરમાર | ૧૧/૧૧/ ૨૦૨૪ | ૨૨/૦૪/ ૨૦૨૫ | | | | |

## ફોર્મ –સી

## ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનુ લિસ્ટ

### (એ) ફરિયાદપક્ષ તરફે :–

| સા.નં. | સાહેદનું નામ | સાહેદનો દરજ્જો | આંક |
|---|---|---|---|
| ૧. | મનસુખભાઇ બાવલભાઇ માકાસણા | ફરિયાદી | ૧૮ |
| ૨. | મહેમુદ ઇબ્રાહીમ સંઘાર | આરોપી નં.૧, ૨ ને અટક કર્યાના પંચનામાના પંચ સાહેદ | ૨૦ |
| ૩. | હાસમ હારુનભાઇ દલ | | ૨૨ |
| ૪. | જયપાલસિંહ પ્રદિપસિંહ સોઢા | ફરિયાદ લેનાર | ૨૩ |
| ૫. | નિકુલભાઇ હમીરભાઇ ગઢવી | સાહેદ | ૨૫ |
| ૬. | અવિનાશ હરેન્દ્રભાઇ જોષી | નાયબ મામલતદાર | ૨૮ |
| ૭. | હર્ષિદાબેન હેમતભાઇ કણજારીયા | મેન્ટેન્સ સર્વેયર | ૩૩ |

| | | | |
|---|---|---|---|
| ૮. | સાનિધ્ય હરકીશનભાઇ જેઠવા | આરોપી નં.૩ ને અટક કર્યાના પંચનામાના પંચ સાહેદ | ૩૪ |
| ૯. | અજીત નરશીભાઇ રાઠોડ | ગુન્હાવાળી સ્થાનિક જગ્યાના પંચનામાના પંચ સાહેદ | ૩૬ |
| ૧૦. | હર્ષ જીજ્ઞેશભાઇ રાઠોડ | | ૩૮ |
| ૧૧. | રશ્મીબેન સાનિધ્ય જેઠવા | આરોપી નં.૩ ને અટક કર્યાના પંચનામાના પંચ સાહેદ | ૩૯ |
| ૧૨. | સીમાબેન પરબતભાઇ ચૌહાણ | પી.એસ.ઓ. | ૪૦ |
| ૧૩. | જયવિરસિંહ નિર્મળસિંહ ઝાલા | તપાસ કરનાર અમલદાર | ૪૪ |

**ફરિયાદપક્ષે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :-**

| અ. નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદ | ૧૯ |
| ૨. | આરોપી નં.૧ તથા ૨ ને અટક કર્યા અંગેનું પંચનામુ | ૨૧ |
| ૩. | ગુન્હો રેકર્ડ કરવાની યાદી | ૨૪ |
| ૪. | જુબાની આપવા માટેનો ઓથોરીટી લેટર | ૨૯ |
| ૫. | જિલ્લા લેન્ડગ્રેબીંગ પ્રોહીબીશન કમિટિ અને નિવાસી અધિક કલેકટરશ્રી, જામનગર દ્વારા આપેલ તપાસ અહેવાલની ખરીનકલ | ૩૦ |
| ૬. | પ્રાંત અધિકારી, જામનગર (ગ્રામ્ય) દ્વારા અહેવાલ મોકલવા અંગેની યાદી | ૩૧ |
| ૭. | ફરિયાદીએ જી.એલ.જી.પી. અધિનિયમ-૨૦૨૦ હેઠળ કરેલ ફરિયાદની કોપી | ૩૨ |
| ૮. | રજીસ્ટર્ડ દસ્તાવેજની ખરીનકલ | ૩૨(એ) |
| ૯. | આરોપી નં.૩ ને અટક કર્યા અંગેનું પંચનામુ | ૩૫ |
| ૧૦. | સ્થાનિક જગ્યાનું પંચનામુ | ૩૭ |
| ૧૧. | સ્ટેશન ડાયરીના ઉતારાની ખરીનકલ | ૪૧ |
| ૧૨. | આરોપીઓને અટક કર્યાની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવાની યાદી | ૪૨ તથા ૪૩ |
| ૧૩. | ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ-૨૦૨૦ અન્વયે એફ.આઇ.આર. દાખલ કરવાની અંગેની યાદી | ૪૫ |
| ૧૪. | તપાસના કામે થયેલ કાગળોની ખરીનકલ મળવા અંગે પ્રાંત અધિકારીશ્રી, જામનગર(ગ્રામ્ય)ને કરેલ યાદી | ૪૬ |
| ૧૫. | પ્રાંત અધિકારી, જામનગર (ગ્રામ્ય) દ્વારા તપાસના કામે થયેલ કાગળોની ખરીનકલ રજૂ કર્યા અંગેનો પત્ર | ૪૭ |

| | | |
|---|---|---|
| ૧૬. | ગુન્હાના કામે માહિતી આપવા અંગે નાયબ ઇજનેર, દરબારગઢ પી.જી.વી.સી.એલ.ને કરેલ યાદી | ૪૮ |
| ૧૭. | નાયબ ઇજનેર, પી.જી.વી.સી.એલ., પેટા વિભાગીય કચેરી, દરબારગઢ દ્વારા ગુન્હાના કામે માહિતી આપ્યા અંગેનો પત્ર | ૪૯ |

## -:: ચુ કા દો ::-

**૧.** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૨૩/૧૦/૨૦૦૩ થી ૨૪/૧૦/૨૦૨૪ ના રોજ કલાક ૧૪-૦૦ વાગ્યા સુધીમાં ફરિયાદી મનસુખભાઇ બાવલજીભાઇ માકાસણા તથા સાહેદ નિકુળભાઇ હમીરભાઇ ગઢવીનાઓએ વિમલાકુમારીબા કેસરીસિંહ જાડેજા પાસેથી ભાગીદારીમાં જામનગર શહેરમાં ગુલાબનગર પહેલો ઢાળીયો, બસ સ્ટેન્ડની પાછળ આવેલ સિટી પ્લોટ નં.૧૦૩ પૈકી સિટી સર્વે નં.૨૭૬૯ જેના શીટ નં.૧૯૭ વાળો કુલ ૫૨૦.૯૪ ચોરસ મીટર ક્ષેત્રફળવાળો ખુલ્લો પ્લોટ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૩૭૭૭ થી તા.૨૩/૧૦/૨૦૦૩ ના રોજ ખરીદ કરેલ તે જગ્યામાં આરોપીઓએ તે પ્લોટની માલિકી સંબંધેના કોઇપણ જાતના આધાર પુરાવા ન હોવા છતાં ત્રણ કાચી ઓરડી, વધારાનું પાકું બાંધકામ તથા સંડાસ બાથરુમ કરી ગેરકાયદેસર અને અનઅધિકૃત રીતે દબાણ કરેલ. તેમજ ફરિયાદીને સદરહુ પ્લોટમાં દાખલ થવાની ના પાડી તથા ઝઘડો કરી, ગાળાગાળી કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી, ગુન્હામાં આરોપીઓએ એકબીજાને મદદગારી કરી આરોપીઓએ ગુન્હો કરતા જે અંગેની ફરિયાદ જાહેર કરવામાં આવેલ.

**૨.** આરોપીઓ વિરુદ્ધ ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ-૨૦૨૦ની કલમ-૪(૩), ૫(ગ) તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૫૨, ૩૫૧(૩) મુજબની શિક્ષાને પાત્ર ગુન્હાઓ અંગેના આક્ષેપ છે. આ કામના ફરિયાદીએ સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં તા.૨૪/૧૦/૨૦૨૪ના રોજ ફરિયાદ નોંધાવતા સિટી બી ડિવિઝન

પોલીસ સ્ટેશન પાર્ટ–બી ગુ.ર.નં. ૧૧૨૦૨૦૦૯૨૪૨૦૩૨/૨૦૨૪ થી ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ–૨૦૨૦ની કલમ–૪(૩), ૫(ગ) તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૫૨, ૩૫૧(૩) મુજબનો ગુન્હો દાખલ થયેલ. સદર ફરિયાદીની ફરિયાદના આધારે તપાસ કરનાર અમલદારે જરૂરી તપાસ પૂર્ણ કરી આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાય આવતાં હાલનુ ચાર્જશીટ મહે. પ્રિન્સિપાલ ડીસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટમાં રજુ કરવામાં આવેલ.

**૩.** ત્યારબાદ સ્પેશ્યલ કોર્ટમાં સદર કેસ રજુ થતાં, મારા પુરોગામી ન્યાયાધીશશ્રી સાહેબની કોર્ટમાં આરોપીઓની ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ–૨૦૨૦ ની કલમ–૪(૩), ૫(ગ) તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૫૨, ૩૫૧(૩) તથા ૫૪ (તહોમતનામામાં શરતચૂકથી ૧૧૪ લખાઇ ગયેલ) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા અંગે આંક–૭ થી તહોમતનામુ ફરમાવી વાંચી, સંભળાવી, સમજાવી આંક–૮ થી ૧૦ સુધી આરોપીઓની ગુન્હા સંબંધે જવાબ/પ્લી નોંધવામાં આવતાં આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરતાં કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

**૪.** આરોપીઓ વિરુદ્ધ આંક–૭થી ફરમાવવામાં આવેલ તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે ઉપર મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરવા રજૂ કરવામાં આવેલ છે અને ફરિયાદપક્ષે અન્ય કોઇ પુરાવો રજૂ કરવો ન હોઇ, આંક–૫૦થી ક્લોઝિંગ પુરસીસ આપી પુરાવો પૂરો થયાનું જાહેર કરતાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવતાં આરોપીઓએ તેમાં જણાવેલ છે કે, અમો તદ્દન નિર્દોષ છીએ, કોઇ ગુન્હો કરેલ નથી. ખોટા કેસમાં સંડોવી દીધેલ છે જેથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવા રજૂઆત છે.

**૫.** ત્યારબાદ વિદ્વાન સરકારી વકીલશ્રીએ પ્રોસીક્યુશન તરફે દલીલ કરતાં

જણાવેલ છે કે, આરોપીઓએ ફરિયાદીની માલીકીવાળા પ્લોટમાં ગેરકાયદેસર રીતે ઓરડીઓ તથા પાકુ બાંધકામ તથા સંડાસ બાથરુમ કરી અને અનઅધિકૃત રીતે દબાણ કરી, ફરિયાદીને પ્લોટમાં દાખલ થવાની ના પાડી, ઝઘડો કરી, ગાળાગાળી કરી, જાનથી મારી નાખવાની ધમકી આપેલાનું આ કામે ફરિયાદીએ પોતાની ફરિયાદમાં જણાવેલ હકીકત સોગંદ ઉપરની જુબાનીમાં પણ જણાવેલ છે. તેમજ રજૂ થયેલ ફરિયાદપક્ષના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી આરોપીઓ વિરુદ્ધના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરેલ હોઈ, આરોપીઓને સખત કેદની સજા તથા દંડ ફરમાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

**૬.** બચાવપક્ષે વિદ્ધાન વકીલશ્રીએ આંક-પર થી લેખિત દલીલ રજૂ કરી જણાવેલ છે કે, આ કામે ફરિયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોઈ, ખુદ ફરિયાદી તથા સાહેદ નં.પ નિકુલભાઈ હમીરભાઈ ગઢવી કે જે વાદગ્રસ્ત પ્લોટના ભાગીદાર છે જે બંનેએ ફરિયાદ હકીકતને સમર્થન આપેલ ન હોઈ હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ. તેમજ આ કામે તપાસ કરનાર અમલદારે આરોપીઓને મકાન ભાડેથી આપનાર વિમલાકુમારીબાનું તપાસ કરનાર અધિકારીએ કોઈ નિવેદન નોંધેલ નથી કે તેમને તપાસવામાં આવેલ નથી. ફરિયાદપક્ષે સાહેદ નં.૬ અવિનાશ હરેન્દ્રભાઈ જોષીએ આંક-૨૮ ની સોગંદ ઉપરના પુરવામાં તેઓ કેસ અંગે કાંઈ હકીકત જાણતા ન હોય અને તેઓ માત્ર તેમના ઉપરી અધિકારી કહેવાથી જુબાની આપવા આવેલા આમ, આ સાહેદનો પુરાવો પણ માની શકાય નહીં. તેમજ આ કામે પંચનામાના તમામ પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન આપતાં ન હોય ફરિયાદપક્ષ દ્ધારા તેમને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ. આમ, આરોપીઓ કહેવાતા બનાવમાં નિર્દોષ છે. જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ કરેલ છે.

**૭.** આ કામે ફરિયાદપક્ષે રજૂ કરેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવા, ઉભય પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલી દલીલો તથા કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાનમાં લેતાં, આ પ્રકરણના ન્યાયી નિરાકરણ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દા ::-**

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરિયાદીએ ગુલાબનગર પહેલો ઢાળીયો, બસ સ્ટેન્ડની પાછળ આવેલ સિટી પ્લોટ નં.૧૦૩ પૈકી સિટી સર્વે નં.૨૭૬૯, જેના શીટ નં.૧૯૭ વાળો કુલ ૫૨૦.૯૪ ચો.મી.નો ખુલ્લો પ્લોટ રજીસ્ટ્રાર વેચાણ કરાર કચેરીના દસ્તાવેજ નં.૩૭૭૭ તા.૨૩/૧૦/૨૦૨૩ થી ખરીદ કરેલ જગ્યામાં આ કામના આરોપીઓએ તે પ્લોટની કોઈપણ જાતની માલિકી સંબંધેના આધાર પુરાવા ન હોવા છતાં પ્લોટમાં ત્રણ કાચી ઓરડી, વધારાનું પાકું બાંધકામ તથા સંડાસ બાથરુમ કરી ગેરકાયદેસર અને અનઅધિકૃત રીતે દબાણ કરેલ. તેમજ ફરિયાદીને સદરહુ પ્લોટમાં દાખલ થવાની ના પાડી તથા ઝઘડો કરી, ગાળાગાળી કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી, આરોપીઓએ એકબીજાની મદદગારી કરી, આરોપીઓએ ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ-૨૦૨૦ની કલમ-૪(૩), ૫(ગ) તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૫૨, ૩૫૧(૩) તથા ૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

૨. શું હુકમ ?

૮. ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દાનં. ૧- નકારમાં

મુદ્દાનં. ૨– આખરી હુકમ મુજબ.

૯. ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

**મુદ્દા નં. ૧ :–**

**૧૦.** ક્રિમિનલ ટ્રાયલમાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત અનુસાર ફરિયાદપક્ષે પોતાનો કેસ તમામ શંકાઓથી પર રહીને સાબિત કરવાનો રહે છે. જ્યારે આરોપીએ પોતાનો સંભવિત બચાવ રજૂ કરવાનો રહે છે. જે કાયદાકીય સિદ્ધાંત ધ્યાને રાખી હાલના કામે પડેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તો સૌ પ્રથમ ફરિયાદી કે જેમને ફરિયાદપક્ષે સાહેદ નં. ૧ તરીકે આંક–૧૮ થી તપાસેલા છે તેમનો પુરાવો ધ્યાને લેવો જરૂરી બને છે. તેમણે પોતાના પુરાવામાં આંક–૧૯થી ફરિયાદ રજૂ કરેલ છે. ફરિયાદીનો સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તેમાં તેઓએ જણાવેલ છે કે, જામનગરના ગુલાબનગર વિસ્તારમાં તેઓનો એક પ્લોટ નં.૧૦૩ આવેલ છે જે અંદાજે ૨૫૦૦ ફૂટનો છે. જે પ્લોટ તેઓએ વિમલાબેન જાડેજા પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ હતો. આ પ્લોટ તેઓએ લીધા બાદ સદરહું પ્લોટમાં નંદુબેન વિરજીભાઇ પરમારે બાંધકામ કરેલ હતુ. તેઓ બાંધકામ કરતા હતા ત્યારે ફરિયાદીએ તેઓને જણાવેલ કે, આ પ્લોટ મારી માલિકીનો છે તમે શા માટે બાંધકામ કરો છો. જેથી તેઓએ કબજો તેમની પાસે છે તેવું કહી બાંધકામ ચાલુ રાખેલ અને રુમ બનાવેલ હતા અને નંદુબેનને ફરિયાદીએ પ્લોટ ખાલી કરવાનુ કહેતા તેમણે ફરિયાદી સાથે ઝઘડો કરેલ. ફરિયાદીએ નંદુબેન બાંધકામ કરતા હતા અને તેમને બાંધકામ કરવાની ના પાડેલ અને ત્યાં પ્રવેશ ન કરવાનું કહેતા તેમણે ફરિયાદી વિરુદ્ધ કોઇ કાર્યવાહી કરેલ ન હતી. આમ, ફરિયાદી પોતાના સોગંદ ઉપર

પુરાવામાં ફરિયાદ હકીકત મુજબનો પુરાવો આપેલ ન હોય જેથી વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા તેમને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ અને ત્યારબાદ વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા ફરિયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, નંદુબેને તેમની સામે કોર્ટમાં કોઇ દાવો કરેલ હોય તેવુ બનેલ નથી. તેમજ નંદુબેને તેમની માલીકી કબજાવાળા પ્લોટમાં ત્રણ કાચી ઓરડી બનાવી હતી. આ ઓરડી ગેરકાયદેસર અને અનઅધિકૃત રીતે બનાવેલ હોય જેથી તેઓએ જામનગર જિલ્લાની લેન્ડ ગ્રેબીંગ કમિટિમાં તા.૧૬/૨/૨૦૨૨ ના રોજ ફરિયાદ કરી અને આ અરજી કરી તે સમય દરમિયાન સામાવાળાના સગા સંબંધીઓએ વધારાનું પાકું બાંધકામ તથા સંડાસ બાથરુમ કરી ગેરકાયદેસર રીતે વસવાટ ચાલુ રાખેલાનું જણાવેલ. તેમજ સદરહુ ફરિયાદીની માલીકીનો પ્લોટ નં.૧૦૩ ફરિયાદી તથા ગઢવીભાઇ સાથે ભાગીદારીમાં ખરીદ કરેલ હોવાનું જણાવેલ.

**૧૦.૧** બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં ફરિયાદીએ જણાવેલ છે કે, ફરિયાદવાળો પ્લોટ સને-૨૦૦૨માં ખરીદ કરેલો. પ્લોટ ખરીદતા પહેલા પ્લોટ તેઓએ જોયેલ. ફરિયાદીએ એ હકીકત કબુલ રાખેલ છે કે, પ્લોટ નં.૧૦૩ મોટો પ્લોટ છે. ફરિયાદીએ એ હકીકત કબુલ રાખેલ છે કે, સ્થાનિક જગ્યાના પંચનામા સમયે તેઓએ પોલીસને જગ્યા બતાવેલી. ફરિયાદીએ એ હકીકત કબુલ રાખેલ છે કે, ફરિયાદવાળા પ્લોટમાં ત્રણ ઓરડીઓ હતી અને તેમાં ત્રણ અલગ-અલગ વીજ મીટર લગાવેલ હતા. ફરિયાદીએ પ્રાંત અધિકારી તથા સિટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટના અહેવાલ વાંચેલ નથી. તેમને એ વાતની ખબર નથી કે, તે અહેવાલમાં એવું લખેલ છે કે, નંદુબેન તેમના પુત્રો સાથે ૮૦ વર્ષથી ફરિયાદવાળા પ્લોટમાં વસવાટ કરે છે. ફરિયાદીએ બાંધકામ માટે કોઇ પરવાનગી માંગેલ હોય તેવું બનેલ નથી. તેમજ જે સમયે આરોપીઓ સાથે તેમને ઝઘડો થયેલ તે વખતે ફરિયાદીએ પોલીસ ફરિયાદ કરેલ નહીં હોવાનુ જણાવેલ.

**૧૦.૨** આમ, ફરિયાદીનો સમગ્ર પુરાવો વંચાણે લેતાં, તેમણે જણાવેલ છે કે, તેમણે વિમલાબેન જાડેજા પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ મારફતે ગુલાબનગર વિસ્તારમાં પ્લોટ નં.૧૦૩ ખરીદેલો. પરંતુ તેવો દસ્તાવેજ પુરાવામાં તેમને બતાવવામાં આવેલ નથી કે તેવા દસ્તાવેજના કન્ટેન્સ ફરિયાદપક્ષ દ્વારા પુરવાર કરવામાં આવેલ નથી. વધુમાં ફરિયાદીને વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલા.ફરિયાદીના જણાવ્યા મુજબ આરોપી નંદુબેને તેમની સામે કોર્ટમાં દાવો કરેલ હોય તેવું બનેલ નથી. જ્યારે આંક-૧૯ ની ફરિયાદમાં નંદુબેન સતવારાએ દાવો તથા અપીલ કરેલાનું જણાવેલ છે. તેવા દાવાના કાગળો પણ આ કામે ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ નથી. ફરિયાદીએ કોઇ અરજી, કઇ તારીખે લેન્ડગ્રેબિંગ કમિટિમાં ફરિયાદ આપેલ અને તે કમિટિએ શું કાર્યવાહી કરેલ તથા ક્યા દસ્તાવેજો રજૂ થયેલ તેવા કોઇ દસ્તાવેજો ફરિયાદી દ્વારા રજૂ કરવામાં આવેલ નથી કે પુરવાર કરવામાં આવેલ નથી. તેમના જણાવ્યા મુજબ આ પ્લોટ તેમણે ગઢવીભાઇ સાથે ભાગીદારીમાં ખરીદ કરેલ હતો પરંતુ તેમનું પૂરું નામ ફરિયાદી જણાવતા નથી. તદ્ઉપરાંત ફરિયાદીએ કેટલી રકમમાં, કેટલા માપનો પ્લોટ ખરીદેલ તેમાં કેટલા માપમાં આરોપીઓએ દબાણ કરેલ વિગેરે કોઇ હકીકતો પુરાવામાં જણાવેલ નથી.

**૧૧.** ફરિયાદીના ઉપરોક્ત પુરાવાની ચર્ચા કર્યા બાદ તેમના ભાગીદાર નિકુલભાઇ હમીરભાઇ ગઢવીનો પુરાવો જોવામાં આવે તેમને ફરિયાદપક્ષે સાહેદ નં.પ તરીકે આંક-૨૫ થી સોગંદ ઉપર તપાસેલ છે. તેમનો પુરાવો જોતાં તેઓએ મીત્ર સાથે ભાગીદારીમાં ગુલાબનગર વિસ્તારમાં પ્લોટ ખરીદેલ પરંતુ તેના સર્વે નંબરની વિગતો યાદ ન હોવાનું જણાવે છે. પ્લોટ ઉપર કોઇનો કબજો હોવાનું પણ તેમને યાદ ન હોવાનું જણાવેલ. આ સાહેદના જણાવ્યા મુજબ આ પ્લોટમાંથી તેમણે ભાગીદારી છૂટી કરી દીધેલ અને બાદ બીજા પાર્ટનરે આ પ્લોટમાં શું કામગીરી કરી તે ખબર ન હોવાનું

જણાવે છે. જ્યારે ફરિયાદી આ સંબંધે કાંઇ જણાવતાં નથી. આ સાહેદને ફરિયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. આમ, ખૂબ જ મહત્વના કહી શકાય તેવા વાદગ્રસ્ત જમીનના બંને વેચાણ લેનારને ફરિયાદપક્ષ દ્વારા હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે અને તેમના પુરાવાથી આરોપીઓએ ગેરકાયદેસર રીતે તેમની માલીકીની જમીનમાં કબજો કરેલ હોવાનું પુરવાર થતુ નથી.

**૧૨.** ફરિયાદપક્ષે સાહેદ નં.૪ તરીકે આંક-૨૩ થી આ કામની ફરિયાદ લેનાર જયપાલસિંહ પ્રદિપસિંહ સોઢાને સોગંદ ઉપર તપાસેલ છે. તેમના પુરાવા મુજબ સને ૨૦૨૪ માં તેઓ સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.આઇ. તરીકે ઈન્વે. વિભાગમાં ફરજ પર હતા. દરમિયાન આ કામના ફરિયાદીએ તેઓ રુબરુ એક ફરિયાદ લખાવેલ હતી તે તેઓએ ધોરણસર લખી લીધેલ. ત્યારબાદ સદરહુ ફરિયાદ પી.એસ.ઓ. તરફ ગુન્હો દાખલ થવા સારુ મોકલી આપેલ હતી. પી.એસ.ઓ.એ સદરહુ ગુન્હો ધોરણસર નોંધી એફ.આઇ.આર.તૈયાર કરેલ. ત્યારબાદ આગળની તપાસ ડી.વાય.એસ.પી.જામનગર(શહેર) નાઓને મોકલી આપેલ.

**૧૩.** ફરિયાદપક્ષે સાહેદ નં.૬ તરીકે આંક-૨૮ થી અવિનાશ હરેન્દ્રભાઈ જોષીને સોગંદ ઉપર તપાસેલ છે. તેમના પુરાવામાં આંક-૨૯ થી ૩૩ સુધીના દસ્તાવેજો રજૂ કરેલા છે. તેમના પુરાવા મુજબ તેઓ નાયબ મામલતદાર તરીકે પ્રાંત ઓફિસ, જામનગર (ગ્રામ્ય) ખાતે છેલ્લા બે વર્ષથી ફરજ બજાવે છે. તેમની કચેરીને કલેક્ટરશ્રી, જામનગર તરફથી ઓનલાઈન એક લેન્ડગ્રેબીંગ અંગે તપાસનો અહેવાલ મળેલ. જે ઓનલાઈન રજી. ક્રમાંક-૩૪૬, અરજદાર મનસુખભાઈ બાવળભાઈ મકાસણાની અરજી તા.૨૦/૬/૨૦૨૨ જે આ કામના તહોમતદાર સતવારા નંદુભાઈ પરમાર વિગેરે વિરુદ્ધ વિવાદીત જમીન સર્વે નં.૨૭/૬૯ ની તપાસનો અહેવાલ

મળેલ. જે અનુસંધાને પ્રાંત અધિકારીની કચેરી તરફથી કલેક્ટરશ્રી, જામનગરને તા.૨૩/૯/૨૦૨૪ ફરિયાદીની અરજી અનુસંધાને તેઓએ અહેવાલ રજૂ કરેલ.

**૧૩.૧** ઉલટતપાસમાં સાહેદે એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓએ જે દસ્તાવેજો રજૂ કરેલ છે તે અરસામાં તેઓ પ્રાંત અધિકારીશ્રીની કચેરીમાં કાર્યરત ન હતા. તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે, પ્રાંત અધિકારીશ્રીએ તેમને આપેલ ઓથોરીટીને આધારે જુબાની આપવા આવેલ છે. તેઓએ હકીકત કબુલ રાખેલ છે કે, દસ્તાવેજોના આધારે સિટી સર્વેમાં નામ ટ્રાન્સફર થાય તે અંગેની તેમને જાતમાહિતી નથી. તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે, તેમણે રજૂ કરેલ દસ્તાવેજોના કથનો સંબંધે તેમને જાતમાહિતી નથી. તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે, હાલની ફરિયાદના કામે લેન્ડગ્રેબીંગ એક્ટની અન્વયે ગુન્હો બને છે કે કેમ તે તેઓ કહી શકે નહીં.

**૧૩.૨** આ સાહેદનો પુરાવો જોતાં તેમને બનાવ સંબંધે કોઇ જાતમાહિતી ન હોવાનું જણાઇ છે અને તેઓ ફક્ત રેકર્ડના આધારે જુબાની આપેલ હોવાનું પણ જણાઇ આવે છે. તદ્ઉપરાંત આ સાહેદે જે દસ્તાવેજો રજૂ કરેલ છે તેવા દસ્તાવેજો ફરિયાદપક્ષ દ્વારા સાબિત કરવામાં આવેલ નથી.

**૧૪** ફરિયાદપક્ષે સાહેદ નં.૭ તરીકે આંક–૩૩ થી હર્ષિદાબેન હેમતભાઇ કણજારીયાને સોગંદ ઉપર તપાસેલ છે. તેમના પુરાવા મુજબ તેમની કચેરીમાં પ્રાંત અધિકારી જામનગર તરફથી તા.૨૫/૭/૨૦૨૨ રોજ આ કામના ફરિયાદી મનસુખભાઈ બાવળભાઈ માકાસણાની એક લેન્ડગ્રેબીંગ સને–૨૦૨૦ની એક અરજી બાબત રીપોર્ટ મંગાવેલ તે અનુસંધાને તેઓની કચેરી તરફથી પ્રાંત અધિકારીશ્રી ગ્રામ્ય જામનગરને તા.૧૯/૯/૨૦૨૪ ના રોજ એક વિગતવારનો અહેવાલ તથા માંગ્યા મુજબની માહિતી પત્ર દ્વારા તેમના સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રીની કચેરી નં. ૨ દ્વારા મોકલવામાં આવેલ

તેમજ સાથે આ કામના ફરિયાદીનું નિવેદન મોકલવામાં આવેલ.

**૧૪.૧** ઉલટતપાસમાં સાહેદે એ હકીકત કબુલ રાખેલ છે કે, આ કામે સિટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રીએ તેમને સત્તા આપતો ઓથોરીટી લેટર રજૂ કરેલ નથી તેમજ તેમના ઉપરી અધિકારીશ્રીએ તેમને તેવો કોઇ પત્ર પણ આપવામાં આવેલો નથી. તેમણે એ હકીકત કબુલ રાખેલ છે કે, રીફર કરેલ દસ્તાવેજો સંબંધે તેમને કોઇ જાતમાહિતી નથી. તેમણે એ હકીકત કબુલ રાખેલ છે કે, રીફર કરેલ દસ્તાવેજો તેઓએ તૈયાર કરેલ હોય અને તેમના ઉપરી અધિકારી સમક્ષ રજૂ કરેલ પ્રાંત અધિકારીશ્રીને મોકલાવેલ હોય તેવું બનેલ નથી. તેમણે એ હકીકત કબુલ રાખેલ છે કે, સિટી સર્વે કચેરીમાં રેકર્ડમાં નામ ટ્રાન્સફર કરવા સંબંધે કાર્યવાહી થતી હોય છે.

**૧૪.૨** આમ, આ સાહેદનો પુરાવો જોતાં બનાવ સંબંધે તેમને કોઇ જાતમાહિતી ન હોવાનું જણાઇ છે. તેમણે સિટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી મારફતે જુબાની આપવા અધિકાર આપતો કોઇ પત્ર રજૂ થયેલ નથી. તેમજ રજૂ થયેલ દસ્તાવેજો બાબતે તેમને કોઇ માહિતી હોવાનુ પણ જણાતું નથી.

**૧૫.** ફરિયાદપક્ષે સાહેદ નં.૧૨ તરીકે આંક-૪૦ થી ગુન્હો રજિસ્ટર કરનાર પી.એસ.ઓ. સીમાબેન પરબતભાઇ ચૌહાણને સોગંદ ઉપર તપાસેલ છે. તેમના પુરાવા મુજબ પી.એસ.આઇ. જે.પી.સોઢા દ્વારા લીધેલી એક ફરિયાદ યાદી સાથે તેમના પોલીસ સ્ટેશનમાં આવતા તેઓએ આ ફરિયાદ અન્વયે તેમના પોલીસ સ્ટેશનમાં ગુના રજીસ્ટર નં.૨૦૩૨/૨૦૨૪, લેન્ડ ગ્રેબીંગ એક્ટની કલમ-૪(૩),૫(ગ) તથા બી.એન.એસ.કલમ-૩૫૨, ૩૫૧(૩) મુજબનો ગુન્હો નોંધેલ અને આ ગુન્હાની નોંધ સ્ટેશન ડાયરીમાં કરેલી. ત્યારબાદ આગળની તપાસ નાયબ પોલીસ અધિક્ષકશ્રી જયવીરસિંહ ઝાલા સાહેબને સોંપી આપેલ. સદર સાહેદની જુબાનીમાં આંક-૪૧ થી સ્ટેશન ડાયરીનો ઉતારો તથા આંક-૪૨ અને ૪૩ થી

આરોપીઓને અટક કર્યાની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા અંગેની યાદી રજૂ કરેલ છે.

**૧૫.૧** ઉલતપાસમાં સાહેદે તેઓએ ફક્ત ગુન્હો દાખલ કરેલ તે સિવાય અન્ય કોઇ કામગીરી કરેલ નહીં હોવાનું જણાવેલ.

**૧૬.** ફરિયાદપક્ષે સાહેદ નં.૨ તરીકે આંક–૨૦ મહેમુદ ઇબ્રાહીમ સંઘાર તથા સાહેદ નં.૩ તરીકે આંક–૨૨ થી સાહેદ હાસમ હારુનભાઇ દલને સોગંદ ઉપર તપાસેલ છે જે બંને પંચ સાહેદો આંક–૨૧ વાળા આરોપી નં.૧ અને ૨ અટક કર્યાના પંચનામાના પંચ સાહેદો છે. તેમજ ફરિયાદપક્ષે સાહેદ નં.૮ તરીકે આંક–૩૪ થી સાનિધ્ય હરકીશન જેઠવા તથા સાહેદ નં.૧૧ તરીકે આંક–૩૯ થી રશ્મીબેન સાનિધ્ય જેઠવાને સોગંદ ઉપર તપાસેલ છે જે બંને પંચ સાહેદો આંક–૩૫ વાળા આરોપી નં.૩ ને અટક કર્યાના પંચનામાના પંચ સાહેદો છે. તેમજ ફરિયાદપક્ષે સાહેદ નં.૯ તરીકે આંક–૩૬ થી અજીત નરશીભાઇ રાઠોડ તથા સાહેદ નં.૧૦ તરીકે આંક–૩૮ થી હર્ષ જીજ્ઞેશભાઇ રાઠોડને સોગંદ ઉપર તપાસેલ છે. જે બંને પંચ સાહેદો આંક–૩૭ થી રજૂ ગુન્હાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદો છે. આ તમામ પંચ સાહેદો પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં પંચનામાની હકીકતોને સમર્થન આપેલ ન હોઇ તેઓને ફરિયાદપક્ષ દ્વારા હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ.

**૧૭.** ફરિયાદપક્ષે સાહેદ નં.૧૩થી આ કામના તપાસ કરનાર અમલદાર જયવીરસિંહ નિર્મળસિંહ ઝાલાને આંક–૪૪ થી સોગંદ ઉપર તપાસેલ છે. તેમના પુરાવામાં આંક–૪૫થી આંક–૪૯ સુધીના તપાસના કાગળો રજૂ કરેલા છે. તેમના પુરાવા મુજબ તેઓ ડી.વાય.એસ.પી.તરીકે જામનગર શહેરમાં સને–૨૦૨૩ થી ફરજ બજાવે છે. જામનગર સીટી બી પો.સ્ટે. ફ.ગુ.રજી.નં.૨૦૩૨/૨૦૨૪, ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ–૨૦ની કલમ–૪(૩)(૫)(ગ) તથા બી.એન.એસ. કલમ–

૩૫૨, ૩૫૧(૩) મુજબના ગુન્હાની ફરીયાદ શ્રી જે.પી.સોઢા પી.એસ.આઈ. એ લીધેલ હતી. જે ફરિયાદ તેમને આગળની તપાસ સારુ તેના આનુસાંગીક કાગળો સાથે મળેલ. તેઓએ આગળની તપાસ દરમિયાન લાગતા વળગતા સાહેદોના લખાવ્યા મુજબના તેઓ રુબરુના નિવેદન લીધેલ હતા. આ કામે તેઓએ સ્થાનિક જગ્યાનું પંચનામુ તૈયાર કરેલ તેમજ આરોપીઓના અટક પંચનામા તૈયાર કરેલા. ત્યારબાદ પી.જી.વી.સી.એલ.ને માહિતી માટે યાદી કરેલ અને તેમના તરફથી આવેલ કાગળો આ કામમાં સામેલ કરેલ. જામનગરના એસ.પી. કચેરીના રીડર પી.એસ.આઈ.શ્રી પી.એમ.મોરી સાહેબ ફરિયાદ મોડી દાખલ કરવા અંગે પી.આઈ.શ્રી સીટી બી ડિવિઝન નાઓને મોકલેલ તેની નકલ તેમને મોકલવામાં આવેલ જે સંભાળી લીધેલ. કલેકટરશ્રી જામનગર દ્વારા આરોપીઓ સામે ફરિયાદ નોંધવા બાબતનો પત્ર સાધનીક કાગળો સાથે મળેલ જે તેઓએ કામમાં સામેલ રાખેલ. ત્યારબાદ તેઓએ આ કામે પ્રાંત અધિકારી, જામનગરને તપાસના કામે થયેલ કાગળોની નકલો મળવા બાબતે પત્ર લખેલ જે તમામ કાગળો તેમને પ્રાંત અધિકારી તરફથી મળતા તપાસના કામે સામેલ રાખેલ. આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો મળતા ચાર્જશીટ કરેલ.

**૧૭.૧** ઉલટતપાસમાં સાહેદે એ હકીકત કબુલ રાખેલ છે કે, જગ્યાના માલીક ક્રિષ્નાકુમારબાએ હાલના આરોપીઓને સદર જમીન ભાડેથી આપેલ હોવા સંબંધે તેઓએ કોઈ તપાસ કરેલ નથી. સાહેદે એ હકીકત કબુલ રાખેલ છે કે, તપાસના કામે આરોપીઓના નામે આવતી વેરા પાવતી કબજે કરેલ નથી. સાહેદે એ હકીકત કબુલ રાખેલ છે કે, ઈલેક્ટ્રીસીટી બિલ આરોપીઓ તથા તેમના પરીવારના નામે આવે છે. સાહેદે એ હકીકત કબુલ રાખેલ છે કે, આ કામે રજૂ થયેલ વેચાણ દસ્તાવેજમાં આરોપીઓ ભાડુઆત તરીકે રહેતા હોવાનો ઉલ્લેખ નથી. સાહેદે એ હકીકત કબુલ રાખેલ છે કે, હાલની ફરિયાદ

અગાઉ ફરિયાદીએ કે ક્રિષ્નાબાએ આરોપીઓએ ગેરકાયદેસર રીતે સદર જમીનમાં કબજો કરેલ હોવા સંબંધે કોઇ અરજી કરેલ નથી. સાહેદે એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓએ મામલતદાર કચેરી તથા સિટી સર્વે કચેરીના અધિકૃત કર્મચારીઓના નિવેદન લીધેલ નથી.

૧૮. આમ, ઉપરોક્ત તમામ પુરાવાના ચર્ચાને અંતે ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે કે, આરોપીઓએ ફરિયાદીની માલીકીની જમીનમાં ગેરકાયદેસર રીતે ઘૂસી ગયેલ અને ખોટી રીતે કબજો કરેલ. તદ્ઉપરાંત ફરિયાદપક્ષે વાદગ્રસ્ત જમીનની આસપાસના કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી. આમ, ફરિયાદપક્ષ આરોપીઓ વિરુદ્ધનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે. જેથી મુદ્દા નં.૧નો જવાબ 'નકાર'માં આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -: હુકમ :-

૧. આ કામના આરોપી નં.**૧.** શાંતિલાલ વિરજીભાઈ પરમાર, નં.**૨.** ધિરજલાલ વિરજીભાઈ પરમાર, નં.**૩.** નંદુબેન વિરજીભાઈ પરમાર, રહે.બધા ગુલાબનગર, પહેલો ઢાળીયો, તા.જિ.જામનગર નાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૫૮(૧) મુજબ ધી ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ-૨૦૨૦ની કલમ-૪(૩), ૫(ગ) તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૫૨, ૩૫૧(૩) તથા ૫૪ મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીઓએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૧ મુજબ પ્રત્યેક આરોપીએ રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પૂરા)ના

જામીન આપવા. આ જામીનખત હુકમની તારીખથી છ માસ સુધી અમલમાં રહેશે.

**3.** ક્રિમિનલ મેન્યુઅલની જોગવાઇ મુજબ આરોપી નં.૧ તથા ૨ના નામનું એક્વિટલ વોરંટ ઇસ્યુ કરવું.

આ હુકમ આજરોજ તા.૦૨જી, માહે એપ્રીલ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૦૨/૦૪/૨૦૨૬
સ્થળ: જામનગર
*U.B.Mori*

**(રોબીન પી. મોગેરા)**
અધિક સત્ર ન્યાયાધીશ
કોડ નં. GJ01539